RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 199 Date: 10.05.2024 Friday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# મોદી સરકારમાં ૮૧ સરકારી કંપનીઓના માર્કેટ કેપમાં ૨૨૫%નો વધારો : નાણામંત્રી



નાણામંત્રી સીતારમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારના છેલ્લા ૧૦ વર્ષમાં શેરબજારમાં લિસ્ટેડ દેશની ૮૧ સરકારી કંપનીઓની માર્કેટ મૂડીમાં ૨૨૫%નો વધારો થયો છે.તે જ સમયે આ સમયગાળા દરમિયાન નિફ્ટી ૐજીઈ (નેશનલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ) એટલે કે શેરબજારમાં સૂચિબદ્ધ સરકારી કંપનીઓએ ૭૯% નું જબરદસ્ત વળતર આપ્યું છે.નાણામંત્રીએ આ વાત કોંગ્રેસ પાર્ટી અને તેના નેતા રાહુલ ગાંધીના આરોપોના જવાબમાં કહી છે, જેમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે મોદી સરકાર હેઠળ સરકારી કંપનીઓને ફડચામાં લઈ જવામાં આવી રહી છે.નિર્મલા સીતારમણે બે પોસ્ટ કરી તેમની ઠ પોસ્ટમાં તેમણે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૨૨-૨૩ની સરખામણી કરતા ઘણા તથ્યો રજૂ કર્યા.નાણાકીય વર્ષ ૨૦૧૪માં તમામ ૐજીઈજની કુલ ચૂકવેલ મૂડી એટલે કે શેર વેચવાથી પ્રાપ્ત થયેલી રકમ ? ૧.૯૮ લાખ કરોડ હતી. તે ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં ૧૫૫% વધીને ?૫.૦૫ લાખ કરોડ થઈ હતી નાણાકીય વર્ષ ૨૦૧૪માં તમામ સરકારી કંપનીઓની કામગીરીમાંથી કુલ આવક ?૨૦.૬૧ લાખ કરોડ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૩માં ૮૪% વધીને ?૩૭.૯૦ લાખ કરોડ થઈ હતી.નાણાકીય વર્ષ ૨૦૧૪માં નફો કરતી સરકારી કંપનીઓનો ચોખ્ખો નફો ?૧.૨૯ લાખ કરોડ હતો. નાણાકીય વર્ષ ૨૦૨૩માં તે ૮૭% વધીને ?૨.૪૧ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે.એક્સાઈઝ અને કસ્ટમ ડ્યુટી, જીજી, કોર્પોરેટ ટેક્સ, ડિવિડન્ડ દ્વારા તિજોરીમાં સરકારી કંપનીઓનું યોગદાન હ્લરૂ૧૪માં ?૨.૨૦ લાખ કરોડ હતું, જે હ્લરૂ૨૦૨૩માં ૧૦૮% વધીને ?૪.૫૮ લાખ કરોડ થયું હતું.૩૧ માર્ચ ૨૦૧૪ના રોજ સરકારી કંપનીઓની રોજગારી મૂડી ?૧૭.૪૪ લાખ કરોડ હતી. ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં, તે ૧૧૯% વધીને ?૩૮.૧૬ લાખ કરોડ સુધી પહોંચી ગયું હતું.નાણામંત્રીએ કોરોના મહામારી પછીના ત્રણ વર્ષમાં કંપનીઓના પરફોર્મન્સનાં ડેટા પણ શેર કર્યા...માર્કેટમાં લિસ્ટેડ દેશની ૧૨ સરકારી કંપનીઓના માર્કેટ કેપમાં ત્રણ વર્ષમાં ૧૯૫%નો વધારો થયો છે. ૩૧ માર્ચ ૨૦૨૧ના રોજ તે ?૫.૪૫ લાખ કરોડ હતી, જે ૩૧ માર્ચ ૨૦૨૧ના રોજ ?૧૬.૧૨ લાખ કરોડે પહોંચી ગઈ હતી.CAGR એટલે કે ૧૫ સરકારી કંપનીઓનો વાર્ષિક વૃદ્ધિ દર ૭૬% થી ૧૦૦% ની વચ્ચે રહ્યો છે. ૨૫ ૐજીઈ નો વિકાસ દર ૫૧% થી ૭૫% ની વચ્ચે હતો. જ્યારે ૨૮ કંપનીઓનો વિકાસ દર ૨૬% થી ૫૦% ની વચ્ચે રહ્યો છે.

## બેન્ક કર્મચારીઓને સુપ્રીમ કોર્ટનો મોટો ઝટકો, વ્યાજમુક્ત લોનની સુવિધા મામલે આકરો નિર્ણય

દેશભરના બેંક કર્મચારીઓને સુપ્રીમ કોર્ટે મોટો ઝટકો આપ્યો છે. બેંકો દ્વારા તેમના કર્મચારીઓને અપાતી નીચા દરની અને વ્યાજ મુક્ત લોનને સુપ્રીમ કોર્ટે આનુષંગિક એટલે કે સુવિધા કેટેગરીમાં મૂકીને ટેક્સ લાગુ કરવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, બેંક કર્મચારીઓને તેમની બેંક તરફથી મળવાપાત્ર નીચા દરની કે વ્યાજમુક્ત લોનની સુવિધા ટેક્સને આધીન છે, જેથી બેંક કર્મચારીઓએ હવેથી તેના પર ટેક્સ ચૂકવવો પડશે.સુપ્રીમ કોર્ટે કહ્યું કે, બેન્ક કર્મચારીઓને બેન્કો દ્વારા વ્યાજમુક્ત લોનની સુવિધા આપે છે. જેમાં તેમને ઓછા અથવા વ્યાજ વિના લોન મળે છે. જે સારી સુવિધા છે. જે માત્ર બેન્ક કર્મચારીઓને જ મળવાપાત્ર છે. પરંતુ આ સુવિધા ફ્રિન્જ બેનેફિટ અથવા એમેનિટિસ કરાર કર્યા છે. જેના લીધે લોન ટેક્સેબલ છે.બેંક કર્મચારી સંગઠનોએ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતા ઉલ્લેખનીય છે, બેન્ક કર્મચારીઓના સંગઠનોએ આવકવેરા વિભાગના એક નિયમને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. તે નિયમમાં બેન્ક કર્મચારીઓએ મળતી આ વ્યાજમુક્ત લોન સુવિધાને કર હેઠળ આવરી લેવામાં આવી છે. આવકવેરા અધિનિયમ ૧૯૬૧ની કલમ૧૭(૨)(ૃ) અને ૧૯૬૨ની કલમ ૩(૭)(ૈ) અંતર્ગત કરવેરાને આધીન છે.જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાએ પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, અનુલાભ કર્મચારીની સ્થિતિ સાથે જોડાયેલો વધારાનો લાભ છે. જે વેતનના બદલે લાભથી વિપરિત



છે. બેન્ચે કહ્યું કે, આ મામલો રોજગાર સાથે જોડાયેલો છે, જેથી આ સુવિધા બેન્ક કર્મચારીઓને પગાર ઉપરાંત મળતી સુવિધામાં સામેલ હોવાથી તેને અનુલાભ ગણી શકાય. જેથી આવકવેરા અધિનિયમ હેઠળ આવરી લેતાં આ સુવિધા ટેક્સેબલ છે.

## ’ભાજપે કોરા કાગળ પર સહી લઈ દુષ્કર્મનો ખોટો કેસ કર્યો..’ પ.બંગાળના સંદેશખાલીની મહિલાનો ધડાકો

પશ્ચિમ બંગાળના સંદેશખાલીની રહેવાસી ત્રણમાંથી એક મહિલાએ તૃણમૂલ કોંગ્રેસ (સ્ઠ્ઠ) ના નેતાઓ સામે મૂકેલા દુષ્કર્મના આરોપો પાછા ખેંચી લેતાં નવી ચર્ચા છંછેડાઈ છે. પ.બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના સંદેશખાલીની રહેવાસી મહિલાએ આરોપ પાછો ખેંચતાં કહ્યું કે મારી પર દુષ્કર્મ થયું જ નથી. તેણે આરોપ લગાવ્યો કે ભાજપના સભ્યોએ મારાથી એક કોરા કાગળ પર સહી કરાવી અને પછી પોલીસનો સંપર્ક સાધ્યો હતો. અહેવાલ અનુસાર મહિલાએ કહ્યું કે, ભાજપે મારા પર કોરા કાગળો પર સહી કરવા અને દુષ્કર્મની ફરિયાદ નોંધાવવા દબાણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે ખોટા આરોપો પાછા ખેંચવા બદલ હવે મહિલાએ ધમકીઓ અને સામાજિક બહિષ્કારનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે મહિલાએ સંદેશખાલી પોલીસ સ્ટેશનમાં નવી ફરિયાદ પણ નોંધાવી છે.

## ઈવીએમ કોઈના બાપનું નથી, બૂથ કેપ્ચરિંગ પછી આ તારીખે દાહોદમાં ફરી મતદાનનો ચૂંટણી પંચનો નિર્ણય




દાહોદના સંતરામપુરમાં એક બુથ પર પહોંચીને ભાજપ નેતાના પુત્ર વિજય ભાભોરે બુથ કેપ્ચરિંગ કરીને સોશિયલ મીડિયામાં લાઈવ વીડિયો કરતા હોબાળો મચી ગયો હતો. આ વીડિયો વાયરલ થયા પછી પોલીસે વિજય ભાભોરની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્યારે હવે ચૂંટણી પંચે આ બેઠક પર ૧૧ મેએ ફરી મતદાન કરવાનો નિર્ણય લીધો છે. દાહોદના સંતરામપુરના પરથમપુરા ગામના બુથ નંબર-૨૨૦ પર ભાજપ નેતા રમેશ ભાભોરના પુત્ર વિજય ભાભોરે અધિકારીઓને ધમકાવીને બુથ કેપ્ચરિંગ કરીને સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કર્યો હતો. વિજય ભાભોર વીડિયોમાં કહી રહ્યો છે કે ‘૫-૧૦ મિનિટ ચાલે તે ચાલવા દો આપણે બેઠા છીએ. વિજય ભાભોર એટલે વાત ખલાસ, મશીન-બશીન આપણા બાપનું જ છે.‘ આ પછી પોલીસે વિજય ભાભોરની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. નોંધનીય છે કે, વિજય ભાભોરના પિતા રમેશ ભાભોર ભાજપના ગુજરાત પ્રદેશ અનુસૂચિત જનજાતિ મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ છે. આ વીડિયો જ્યારથી વાયરલ થયો હતો ત્યારથી લોકોમાં ચર્ચાનું કેન્દ્ર રહ્યો છે. ત્યારે હવે ચૂંટણી પંચે અહી ફરીથી મતદાન કરાવવાનો નિર્ણય લીધો છે. હવે આ બેઠક પર બે દિવસ બાદ એટલે કે ૧૧મી મેએ શનિવારે સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. દાહોદ બેઠક પર ભાજપે જશવંતસિહ ભાભોરને જ્યારે કોંગ્રેસે ડૉ. પ્રભાબેન તાવિયાડને ટિકિટ આપી છે.

## ગુજરાતમાં અકસ્માત સર્જાતા ૨ બાળકીઓ સહિત ૪ લોકોનાં મોત

સુરેન્દ્રનગર,તા.૯

રાજ્યમાં આજે જુદા જુદા જીલ્લાઓમાં અકસ્માતથી મોત થયાની ઘટનાઓ સામે આવી છે. સુરેન્દ્રનગર, રાજકોટ, સાણંદ, દ્વારકામાં અકસ્માત સર્જાયો છે. પોલીસે આ મામલે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સુરેન્દ્રનગરના લીંબડી હાઈવે પર અકસ્માત સર્જાયો છે. લીંબડી હાઈવે પર ચોરણીયા નજીક અકસ્માત સર્જાતા બે લોકો ગંભીર રૂપે ઘાયલ થયા છે. ટ્રક અને લકઝરી બસનો અકસ્માત થતાં ઈજાગ્રસ્તોને સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડાયા છે.

રાજકોટના જેતપુરમાં અકસ્માત સર્જાતા પ્રૌઢનું મોત નિપજ્યું છે. અજાણ્યા વાહન ચાલકે પ્રૌઢને અડફેટે લેતાં વૃદ્ધનું મોત થયું છે. અકસ્માતના પગલે લોકો ઘટના સ્થળે પહોંચી ગયા છે. ઉદ્યોગનગર પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

સાણંદમાં નવા બાયપાસ પાસે અકસ્માત સર્જાયો છે. જેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. રીક્ષા અને ટેમ્પા વચ્ચે અકસ્માત સર્જાતા બે વ્યક્તિ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, તેમજ સાણંદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દ્વારકામાં દૂધ ભરેલી પીકઅપ વાને માસૂમ બાળકીને અડફેટે લેતાં કમકમાટીભર્યું મોત થયું છે. મોત થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચવા પામી છે. ૮ વર્ષની માસૂમ બાળાના મોતથી પરિવારમાં શોકનો માતમ છવાયો છે. અકસ્માત સર્જાતા લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ૮ વર્ષની બાળકીના મોતથી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.પાટણના હારીજ ખાતે નર્મદા કેનાલમાં ટ્રેક્ટર ખાબકતાં ૧૦ વર્ષીય બાળકીનું મોત થયું છે. જુનામાકાથી ખાખડી ગામ પાસે ટ્રેક્ટર ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતાં ઘટના બની હતી. માહિતી મુજબ માસીના ઘરે લગ્નપ્રસંગમાં આવેલી બાળકીનું પાણીમાં ગરકારવ થવાથી મોત નિપજ્યું છે. ઘટના સર્જાઈ તે સમયે ટ્રેક્ટરમાં પરિવારના સભ્યો સવાર હતા, ઘટના બનતા સ્થાનિક લોકો દોડી આવ્યા છે. ટ્રેક્ટરને બહાર નીકળવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. લગ્ન પ્રસંગ દરમિયાન મોતની ઘટના બનતા પરિવારમાં ગમગીની છવાઈ છે.

## મુસ્લિમ પરિવારને આખા ગામે મદદ પૂરી પાડી હજ માટે વિદાય આપતા ભાવુક દ્રશ્યો સર્જાયા

પાલનપુર,તા.૯

વિશ્વમાં માનવતાએ સૌથી મોટો ધર્મ અને તેની પ્રતીતિ કરાવતું ગામ એટલે બનાસકાંઠાના પાલનપુર તાલુકાનું રૂપપુરા ગામ જ્યાં કોમી એકતાના દર્શન થાય છે. હિન્દુ સમાજના આ ગામમાં વર્ષોથી એક જ મુસ્લિમ પરિવારનું ઘર છે અને આ મુસ્લિમ પરિવાર સાથે હિન્દુ સમાજના લોકોનો વર્ષોથી એવો ઘરોબો છે કે આજે મુસ્લિમ ધર્મમાં પવિત્ર ગણાતા મક્કા ધામ હજ યાત્રા માટે આ મુસ્લિમ પરિવારને આખા ગામે તમામ મદદ પૂરી પાડી હજ માટે વિદાય આપતા કોમી એકતાના ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

બનાસકાંઠાના પાલનપુર તાલુકાનું રૂપપુરા ગામ જે સમગ્ર ગામમાં હિન્દુ સમાજના લોકો રહે છે. પરંતુ આ ગામમાં વર્ષોથી એક મુસ્લિમ પરિવાર પણ રૂપપુરા ગામમાં વસવાટ કરી રહ્યું છે. આમ તો એવું જોવા મળતું હોય છે કે હિન્દુ અને મુસ્લિમ સમાજની જ્યારે વાત આવે ત્યારે લોકોનો નજરિયો બદલાઈ જતો હોય છે. પરંતુ આ રૂપપુરા ગામે એક અનોખું કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે ૧૯૬૦થી એક મુસ્લિમ પરિવાર રૂપપુરાના હિન્દુ સમાજના ગામમાં વસવાટ કરી રહ્યું છે.

આજ સુધી આ મુસ્લિમ પરિવારે હિન્દુ સમાજના લોકો સાથે હળી મળીને નવરાત્રીનો સમય હોય હોળી ધુળેટીનો સમય હોય કે દિવાળી હોય તમામ તહેવારો પણ સાથે ઉજવ્યા છે અને મુસ્લિમ સમાજનો કોઈ તહેવાર હોય તો હિન્દુ સમાજના લોકો પણ તેમની સાથે જોડાઈને ઉજવણી કરતા હોય છે. ૬૦થી વધુ વર્ષોથી ભાઈચારો આ ગામમાં જળવાઈ રહ્યો છે અને રૂપપુરા ગામના ગ્રામજનો આ મુસ્લિમ પરિવારના લગ્નમાં અને મામેરામાં પણ તમામ મદદ પૂરી પાડી અને અનોખો સંદેશો પણ પૂરો પાડ્યો છે. ત્યારે વર્ષો બાદ હવે મુસ્લિમ પરિવારના દીકરાઓ અને તેમનો પરિવાર મુસ્લિમ ધર્મના પવિત્ર ગણાતા યાત્રાધામ એવા મક્કા ખાતે જ્યારે હજ પઢવા માટે જઈ રહ્યો છે. ત્યારે સમગ્ર રૂપપુરા ગામ તેમની મદદે આવ્યું છે અને ગામના રામદેવપીરના મંદિરમાં તેમને ફૂલહાર પહેરાવી ગળે લગાવીને હજ માટેની વિદાય આપવા માટે એકઠા થયા હતા. હિન્દુ સમાજના લોકોનું કહેવું છે કે જ્યારે પણ કોઈ તહેવારની ઉજવણી કરવાની હોય કે લગ્ન પ્રસંગની વાત હોય હંમેશા હિન્દુ સમાજ સાથે આ મુસ્લિમ પરિવાર રહ્યું છે. મુસ્લિમ પરિવારના સાથે તમામ હિન્દુ સમાજના આખા ગામના લોકો રહ્યા છે એટલે કે વર્ષોથી આ ભાઈચારાની ભાવના જોડાઈ રહી છે અને આજે તેઓ હજયાત્રા એ જઈ રહ્યા છે ત્યારે આખા ગામના લોકો પણ ભાવુક બન્યા છે અને તેમની આ પવિત્ર યાત્રા સફળ થાય તે માટે શુભકામનાઓ પણ આપી રહ્યા છે.

આજે રૂપપૂરા ગામ તેમની ફૂલહાર સાથે વિદાય આપવા એકઠું થયું છે. આ ગામમાં આટલા વર્ષો થી કોઈ દિવસ મુસ્લિમ પરિવાર અને હિન્દુ સમાજના લોકો વચ્ચે કોઈ અણબનાવ બન્યો નથી અને આ ગામ સર્વ ધર્મ સમભાવની ભાવના સાથે હળી મળી ને રહે છે. રૂપપુરા ગામે રહેતા મુસ્લિમ સમાજના મન્સૂરી પરિવાર હજયાત્રા માટે જઈ રહ્યા છે જેને વિદાય આપવા માટે સમગ્ર ગ્રામજનો એકઠા થયા હતા અને ફૂલહાર પહેરાવી સાલ ઓઢાડીને તેમને વિદાય આપવામાં આવી હતી.

## *આજનો વિચાર*

કમાણી પર્યાપ્ત ના હોય તો ખર્ચમાં લિમિટ રાખવી અને જાણકારી પર્યાપ્ત નાં હોય ત્યારે ચર્ચા માં લિમિટ રાખવી..

- MANNISH *( MINTOO )*

## તંત્રી લેખ......

# નિકાસ પર પ્રતિબંધ હટવાની સાથે જ ડુંગળીના ભાવમાં ફરી એકવાર વધારો

નિકાસ પરનો પ્રતિબંધ હટાવ્યા બાદ ડુંગળીના જથ્થાબંધ ભાવ બજારોમાં વધવા લાગ્યા છે. ગત સપ્તાહે કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવી લીધો હતો. તે પછી ડુંગળીના જથ્થાબંધ ભાવમાં ફરી એકવાર વધારો નોંધાયો છે.નિષ્ણાતોનું કહેવું છે કે કાંદાની નિકાસની પરવાનગી અમુક શરતો સાથે આપવામાં આવી છે. આવી સ્થિતિમાં કાંદાના ભાવ અસ્થાયી ધોરણે વધ્યા હોવા છતાં ભવિષ્યમાં વધુ વધારો થવાની કોઈ શક્યતા નથી. તેનું કારણ એ છે કે નિર્ધારિત કિંમતથી ઓછી કિંમતે નિકાસ કરી શકાતી નથી.કેન્દ્ર સરકારે ગયા અઠવાડિયે ૩ મેના રોજ ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવાની જાહેરાત કરી હતી. આ દિવસે, મહારાષ્ટ્રના ડુંગળી બજાર લાસલગાંવમાં ડુંગળીનો જથ્થાબંધ ભાવ રૂ. ૯૦૦થી રૂ. ૧,૮૭૫ હતો, જે આજે વધીને રૂ. ૧,૦૦૦ થી રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વિન્ટલ થયો છે.એ જ રીતે, મુંબઈની વાશી મંડીમાં, આ સમયગાળા દરમિયાન ડુંગળીની જથ્થાબંધ કિંમત ૮૭૫-૨,૦૦૦ રૂપિયાની સરખામણીએ ક્વિન્ટલ દીઠ ૧,૨૫૦-૨,૭૫૦ રૂપિયા થઈ ગઈ. દિલ્હીની આઝાદપુર મંડીમાં આ સમયગાળા દરમિયાન ડુંગળીની જથ્થાબંધ કિંમત ૮૭૫-૨,૦૦૦ રૂપિયાથી વધીને ૨,૭૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે.નિકાસ પરનો પ્રતિબંધ હટાવવાના નિર્ણય બાદ ડુંગળીના ભાવમાં વધારો થયો છે. પરંતુ ડુંગળીના ભાવમાં આ વધારો લાંબા સમય સુધી ચાલુ રહેવાની શક્યતા નથી કારણ કે નિકાસ માટે પ્રતિ ટન ૫૫૦ ડોલરની મર્યાદા લાદવામાં આવી છે, જેનો અર્થ એ છે કે તેનાથી ઓછી કિંમતે તેની નિકાસ કરી શકાતી નથી.આ કિંમતે યુરોપ અને ગલ્ફ દેશોમાં નિકાસ શક્ય છે. પરંતુ બાંગ્લાદેશ અને કોલંબો જેવા દેશોમાં નિકાસ શક્ય નથી કારણ કે આ દેશોએ ભારતીય ડુંગળીના ઊંચા ભાવ ચૂકવવા પડશે.

# ૧૦ મે, ''જળ સંપત્તિ દિવસ''



વર્તમાન સમયમાં પર્યાવરણ રક્ષાની વાત સૌ કરે છે. જળ, જમીન, જંગલ, જનાવર અને જન રક્ષા અર્થે ઘણા પ્રયાસો થઈ રહ્યા છે. જળની સમસ્યા મોટી સમસ્યા બની રહી છે. બેંગ્લુરૂ, ચેન્નઈ કે કેપટાઉનની સ્ટોરી, સુકા - ભઠ્ઠ નદી , તળાવો, ડેમો કે કૂવામાં પાણી સિંચવા માટે પડાપડી કરતી મહિલાઓના દ્રશ્યો આપણી સમક્ષ મીડિયા દ્વારા આવ્યા છે તે આપણા આંખ, કાન, જીભ અને મનને થરથરાવી દે છે. મહાનુભાવો કહેવા લાગ્યા છે કે, ત્રીજું વિશ્વયુદ્ધ પાણી મુદ્દે થશે. જેના શરૂઆતના ચિન્હો દેખાઈ રહ્યા છે. એક તરફ વધુ વરસાદ આવવાથી લોકો હેરાન હોય છે જયારે આટલો વરસાદ છતાં પણ પાણીની તંગી વાસ્તવિકતા બની ગઈ છે. તેનું મૂળ કારણ વરસાદી પાણીને સંગ્રહ કરવાની જગ્યાઓ ઉપલબ્ધ નથી તેવું છે. જુના ચેકડેમો રીપેર કરવા, નવા બનાવવા, તળાવો ફરીથી વિકસાવવા, પોતાના ઘરની અગાશી કે આંગણામાં વરસાદી પાણી સ્ટોર થઇ શકે તેવા પ્રયાસો કરવાથી આ તકલીફ થોડી ઓછી થઇ શકે છે, પરંતુ પાણીની તંગી સંપૂર્ણ રીતે ત્યારે ઓછી થશે જયારે આપણે તેનો બગાડ કરવાનો છોડીશું.

પાણીની જેટલી ઉપલબ્ધતા છે તેમાં પણ જળવાયુ પરિવર્તનની અસરો સમગ્ર વિશ્વમાં દેખાવા લાગી છે. જળ પ્રદૂષણની સમસ્યા ઉગ્ર બનતી જાય છે. ટેકનોલોજીમાં થતા ફેરફારો સાથે પર્યાવરણની કાળજી લેતા માણસ ભૂલી ગયો છે માટે જ આ સમસ્યાઓ મોટી બની છે. રોજીંદા જીવનમાં પાણીને બચાવવા માટે કેટલાક ઉપાયો કરી શકાય છે.

ဖ ઘરમાં પાણીની ટાંકી અને નળ લીક હોય તો તાત્કાલિક તેની મરામત કરાવી લેવી જોઈએ.

ဖ વોશબેઝીનમાં પાણીનો વિવેકપુર્વક ઉપયોગ કરવો જોઈએ.

ဖ વાસણો ધોવામાં પાણીનો બગાડ ન કરવો જોઈએ.

ဖ કપડાં ધોવામાં શક્ય હોય તો ડિટરજન્ટ પાઉડર અને વોશિંગ મશીનનો ઉપયોગ કરવો જેથી પાણી ઓછું વપરાય.

ဖ બાગ-બગીચામાં પાણીનો યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ.

ဖ જુદા જુદા ઉપાયો વિચારીને વેસ્ટ થતા પાણીને બચાવી શકાય છે જેમ કે ફિલ્ટરમાંથી નીકળતા પાણીનો ઉપયોગ વપરાયેલા વાસણોમાં પાણી નાખવા, પ્લેટફોર્મ સાફ કરવા માટે થઇ શકે છે.

ဖ જળ એ જ જીવન.

ဖ ''જલ હે તો કલ હે''

# મુનિ શ્રેષ્ઠ પરશુરામ

આપણાં હિન્દુ શાસ્ત્રોમાં પરશુરામનો મહિમા તથા તેમની યશગાથાઓ ખુબ મોટા પાયે નિરૂપાયેલી છે. પરશુરામજી બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા. એમના પિતા પણ તેજસ્વી અને પ્રતાપી હતા. એમના પિતાજીનું નામ જમદગ્નિ તથા માતાનું નામ રેણુકાદેવી હતું. પરશુરામજી મહાપ્રતાપી અને ભડવીર યોધ્ધા અને લડવૈયા હતા. પરશુરામજી બાળપણથી જ તમામ પ્રકારના અસ્ત્ર શસ્ત્રમાં પારંગત હતા તથા મહા ધનુર્ધર હતા. પરશુરામનું મૂળ નામ ભાર્ગવ હતું, પરંતુ તેઓ હંમેશા પોતાના ખભા ઊપર પરશુ (એક પ્રકારનું કુહાડી જેવું હથિયાર) પોતાની સાથે રાખતા હતા તેથી તેઓ પરશુરામ તરીકે ઓળખાવા લાગ્યા. મોટાભાગની બ્રાહ્મણ જ્ઞાતિઓમાં તેમના તથા તેમના પિતાનાં નામ ઉપરથી જમદગ્નિ, પરશુરામ, ભાર્ગવ જેવા ગોત્ર પણ જોવાં મળે છે.



પરશુરામ બહું ક્રોધી અને ઉગ્ર સ્વભાવ ધરાવતા હતા. એક વખત પરશુરામજી પોતાના પિતાશ્રી માટે વનમાં ફળફળાદી લેવા માટે ગયા હતા અને તે વખતે કોઈ હૈહેય ક્ષત્રિય વંશના રાજાએ આશ્રમમાં તોડફોડ કરી ધ્યાનમગ્ન જમદગ્નિ ઋષિના ગળામાં મરેલો સાપ નાંખ્યો હતો. પરશુરામજીએ આશ્રમમાં પાછા આવીને સઘળી હકીકત જાણી લીધી અને તાત્કાલિક દૃઢ પ્રતિજ્ઞા કરી કે, હું પરશુરામ મારા પિતાશ્રીની સામે અને ઈશ્વરનાં સોગંદ ખાઈને પ્રતિજ્ઞા કરૂં છું કે, હું આ પૃથ્વી ઉપરથી હૈહેય ક્ષત્રિય વંશનું નામોનિશાન મિટાવીને જ જંપીશ. આમ પરશુરામજીએ આકરૂં પ્રણ લઈ એમણે પૃથ્વીને ૨૧ વખત નક્ષત્રી (મતલબ કે હૈહેય ક્ષત્રિયોની વસ્તી વગરની) કરી નાંખી હતી. પરશુરામજીનો ઉલ્લેખ રામાયણ તેમજ મહાભારતમાં પણ જોવા મળે છે. જ્યારે સીતાજીના સ્વયંવરમાં શ્રી રામચંદ્રજીએ શિવજીનું ધનુષ્ય તોડી નાંખ્યું હતું ત્યારે પરશુરામ અતિ ક્રોધિત થઈ શ્રી રામ સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા હતા, પરંતુ પ્રભુ શ્રી રામે પોતાની અતિ વિનમ્રતા અને ગરિમા દેખાડતાં કહ્યું કે મુનિ શ્રેષ્ઠ હું તો કેવળ રામ છું, પરંતુ આપ તો પરશુરામ છો, આપ મારા કરતાં તમામ પ્રકારના અસ્ત્ર શસ્ત્રમાં પારંગત છો, આપની સામે હું તુચ્છ મગતરા સમાન છું. આપ મારાં કરતાં વધારે જ્ઞાની અને દક્ષ છો. આપ બળ તથા બુદ્ધિમાં પણ મારા કરતાં ઘણાં વિશિષ્ટ છો. આપ મારા વડીલ તથા પિતાતુલ્ય છો. મારો અપરાધ ક્ષમ્ય ગણી મને માફ કરી દો. શ્રી રામની શાબ્દિક અને તાર્કિક દલીલો સાંભળીને પરશુરામજીનો ક્રોધ ઓગળી ગયો અને શ્રી રામ તથા સીતાજીને સુખી થવાના આશીર્વાદ આપ્યાં. મહાભારતમાં પણ સૂતપુત્ર કર્ણ પોતે બ્રાહ્મણ છે એમ ખોટું બોલીને પરશુરામ પાસેથી તમામ પ્રકારની દિવ્ય વિદ્યાઓ શીખ્યો, પરંતુ જૂઠાંણું ઝાઝું ટકતું નથી એ ન્યાયે પરશુરામજીને ખબર પડી કે કર્ણ બ્રાહ્મણ નહીં પરંતુ ક્ષત્રિય છે, આથી ક્રોધે ભરાઈને કર્ણને શાપ આપ્યો કે તેં ખોટું બોલીને મારી પાસેથી દિવ્ય વિદ્યાઓ પ્રાપ્ત કરી છે, પરંતુ ખરાં સમયે જ તને આ શક્તિઓ કામ નહીં લાગે. પરશુરામજીના આવા શાપને કારણે મહાભારતના અર્જુન સાથેનાં પરાકાષ્ઠાના યુદ્ધમાં કર્ણ પરશુરામજી પાસેથી શીખેલી વિદ્યા ભુલી ગયો અને છેવટે અર્જુનનાં બાણોથી હણાયો હતો.

પરશુરામજી પોતાના પિતાશ્રીની આજ્ઞાનું અક્ષરસઃ પાલન કર્તા હતાં. એક વખત પોતાના પિતાજીની આજ્ઞાથી એમણે એમની માતા રેણુકાદેવીનો શિરચ્છેદ કર્યો હતો અને ત્યાર પછી પોતાના તપોબળ વડે માતાને પુનઃ જીવિત કર્યા હતા.એક વેળા ગણપતિ સાથેના મહાયુદ્ધમાં પરશુરામજીએ પરશુનો છૂટો ઘા કર્યો હતો અને તે પરશુ વડે ગણપતિજીનો ડાબો દંતશૂળ ખંડિત થઈ ગયો. આ બનાવ પછી ગણપતિ એકદંત તરીકે ઓળખાવા લાગ્યા હતાં. રામાયણ, મહાભારત તેમજ વેદો પુરાણોમાં પરશુરામજીની ઘણી નાની મોટી વાર્તાઓનો ઉલ્લેખ થયેલો છે, પરંતુ બધીજ ગાથાઓને આ લેખમાં સમાવવી શક્ય નથી.પરશુરામ અન્ય મુનિઓ કરતાં સાવ અલગ જ વિચારશરણી અને વ્યક્તિત્વ ધરાવતા ઉત્તમ કોટિના આદરણીય મહાપુરુષ હતાં અને એથીજ તેઓ મુનિ શ્રેષ્ઠ એવી પદવી પામ્યા હતાં. એવું કહેવાય છે કે પરશુરામજી સાત ચિરંજીવીઓમાં સ્થાન પામ્યાં છે અને હિન્દુ સંસ્કૃતિની રક્ષા કાજે મહેન્દ્ર પર્વત ઉપર આકરી અને કઠિન તપશ્ચર્યા કરે છે. વિરલ અને અનુપમ વ્યક્તિત્વ ધરાવનાર મુનિ શ્રેષ્ઠ પરશુરામજીના ચરણોમાં મારા કોટિ કોટિ વંદન છે.

યોગેશભાઈ આર જોશી

# કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા 'જાત બદલો, ભવિષ્ય બદલો' ટ્રેનિંગ સેમિનાર યોજાયો

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટના ઉપક્રમે સ્ટાફ મેમ્બર્સ અને રસ ધરાવનારા લોકો માટે ઓનલાઈન તથા ઓફલાઈન માટે 'જાત બદલો, ભવિષ્ય બદલો' ટ્રેનિંગ સેમિનાર, વિશ્વનીડમ ગુરુકુલમ ખાતે યોજાઈ ગયો. જેમાં જાણીતા મોટીવેશનલ સ્પીકર વૈશાલી પારેખ દ્વારા 'બી.કે.બી.સી' વિષયક ટ્રેનિંગ અપાઈ હતી.




વૈશાલી પારેખ દ્વારા પોતાની જાતને સતત ચાલતી ફાસ્ટ ફોરવર્ડ દુનિયા સાથે કેવી રીતે અપગ્રેડ કરીને મેનેજ કરવી તે સમજાવવામાં આવ્યું હતું. તેમણે ઓનલાઈન કોર્સ કરવા, દિવસનો પુરેપુરો ઉપયોગ કરવો, સતત શીખતા રહેવું જેવી બાબતો પર ધ્યાન દોર્યું હતું. તેમણે બી.કે.બી.સી – બીલીવ ઇન યોર સેલ્ફ, કીપ લર્નિંગ એટીટ્યુડ, ઈમોશનલી સ્ટ્રોંગ બનવું, સતત શીખવું તેના વિષે સમજાવ્યું હતું. તેમને ઘણા ઉદાહરણો આપી અને કેટલીક ફિલ્મ દેખાડી જીવન જીવવા માટેની મહત્વની વાતો સમજાવી હતી. તેમણે સમજાવ્યું કે વ્યક્તિગત વિકાસ માટે સ્વ-જાગૃતિ અને આત્મ-પ્રતિબિંબ મહત્વપૂર્ણ છે, નવા જ્ઞાન અને કૌશલ્યોને અપનાવવાથી આપણી ક્ષમતાઓમાં વધારો થાય છે. આ સેમિનાર બાદ મિત્તલ ખેતાણીએ આખા સેમિનાર અંગે પોતાનો પ્રતિભાવ અને અપેક્ષા રજુ કરી હતી તો ટ્રેનરનો પરિચય આપી આભારવિધિ કૌશિકભાઈ મહેતાએ કરી હતી. સૌ સ્ટાફ મિત્રોએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો. સેમિનારનાં અંતે વિશ્વનીડમ ગુરુકુલમના જીતુભાઈએ મિલેટસનું મહત્વ સમજાવ્યું હતું.

# મેકસિકોના રાષ્ટ્ર પ્રમુખની ચૂંટણીમાં સાઇકલ પર પ્રચાર કરતા ઉમેદવારને ખુલ્લો ખાનગી કાગળ

પ્રિય,
ફૂએર્ઝા વાય કોરોઝોન,
યુનાઈટેડ મેકસિકન સ્ટેટસ,
મેકસિકો સિટી,

નમસ્કાર.
ઈન્ડિયાના ગુજરાતના ગાંધીનગરથી ગિરધરલાલના જય મેકસિકો વાંચશો.અમે ઈન્ડિયા લખ્યતુ તેનાથી ઘણા લોકોની આંખોના ભવા ચડી જશે. અમારે ત્યાં ઈન્ડિયા બનામ ભારતની ઢીસુમ્ ઢીસુમ્ માસૂમ ફાઈટ ચાલી રહી છે.માનો કે નિર્દોષ છૂટાછેડા જેવું અમે તમને પ્રિય લખ્યું છે ,એમાં પણ વેલેન્ટાઇન દિવસની ઉજવણીનો વિરોધ કરનાર મોરલ પોલીસ અમારી વિરુદ્ધ બખેડા ખડા કરી શકે છે.સૌથી વધારે વાંધો અમારી રાધારાણી લેશે.ડબલ્યુપીસી હેઠળ સદોષ લફરાંનો કેસ ઠોકી વગર સુનાવણીએ ફાંસીએ ચડાવશે. આજકાલ આવું જ થઇ રહ્યું છે. અરે તમે પૂછશો કે ડબલ્યુપીસી વળી કંઇ અલાબલાનું નામ છે? ડબલ્યુપીસી એટલે વાઈફ પિનલ કોડ. દરેક વાઈફના કિસ્સામાં અલગ અલગ સ્વરૂપમાં હોય છે.

કોરોઝોનજી તમને એમ થશે કે તમારે અને અમારે નાહવા નિચોવવાનો સંબંધ નથી. પછી અમે તમને શું કામ કાગળ લખી રહ્યા છીએ?સહાનૂભૂતિ. કેવળ સહાનુભૂતિ. અમારે ત્યાં કવિ કાલિદાસ થઈ ગયા. કવિ જે ડાળી પર બેઠા હતા તે જ ડાળી પર કુહાડો મારતા હતા. તમે પણ આવું જ કરી રહ્યા છો!
તમે મેકસિકોના રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી લડી રહ્યા છો.તમે મેકસિકોના કોયાઆકાન શહેરમાં તમારો પ્રચાર કરી રહ્યા છો તેનો ન્યુઝ પેપરમાં ફોટો આવ્યો છે,તે અમે જોયો.રાજકારણમાં
મહિલા આવે તે જેન્ડર ઈકવાલિટી માટે સ્પૃહણીય છે. ચૂંટણી લડવા માટેનું અપ્રતિમ અને અદમ્ય દુસાહસ કરવા બદલ તમને કોટિ કોટિ અભિનંદન પાઠવું છું. અમારે પુત્રના લક્ષણ પારણામાંથી અને વહુના લક્ષણ બારણામાંથી એવી અમારે ત્યાં કહેવત છે. એમાં ઉમેદવારના લક્ષણ પ્રચારમાંથી એમ ઉમેરવું પડે તેમ છે. તમે તમારો પ્રચાર કરો છો.અપિતું, તમારો પ્રચાર જોતાં તમે આ ભવે તો ઠીક પણ સિતોતેરમાં ભવમાં પણ 'વિજયી ભવો ' થાવ એવું લાગતું નથી.
અલબત્ત,મને આવું લખતાં અફસોસ થાય છે

કોરોઝોનજી ( તમારું નામ ઓઝોન, એમેઝોનને મળતું આવે છે. ક્યાંક કોઈ ડીએનએ કનેકશન તો નથીને ? ખોટું લાગ્યું હોય તો દિલથી માફ કરજો. અમારે ત્યાં
એક સાધ્વી સાંસદે કરેલા બખાળા માટે સાહેબે દિલથી માફ કર્યા નથી. જો કે, એમના સાંસદપદને ઉની કે ટાઢી આંચ આવી ન હતી એ વાત અલગ છે.) તમે ચૂંટણી લડવા સિરીયસ કે સિન્સિયર છો ખરા? કેમ કે,ચૂંટણી લડવા ઉત્સાહ કે જજબાત અલગ છે. કેમ કે, ચૂંટણી જીતવી એ ખાવાના ખેલ નથી. ખાંડા ખખડાવાનો ખેલા છે.તમે તમારા પ્રચારમાં હું, તું અને રતનિયો એમ ત્રણ જણા પણ ભેગા કર્યા નથી. ફોર્મ ભરતી વખતે જે ટેકેદાર સંસદસભ્ય કે ડમી ઉમેદવારે ફોર્મ ભર્યા હશે તે પણ બિલોરી કાચ લઈને જોઈએ છીએ તો જોવા મળતા નથી.તમે નીચું નિશાન રાખી રહ્યા છો અને નિશાનચૂક કરશો એવું પણ લાગે છે.

તમે હેલિકોપ્ટર, ચાર્ટડ પ્લેન,મર્સિડીઝ બેન્ઝ કે રોલ્સરોય કારમાં પ્રચાર કરતા હોત તો અમારી આંખો એ દ્રશ્ય જોઈને ધન્ય થઈ હોત. અમારા નેત્રોને જીવદયા જેવી શીતળ શાતા પ્રાપ્ત થઈ હોત. તમે બજેટેડ કાર, રિક્ષા કે ઘોડાગાડીમાં ' વોટ ફોર ફૂએર્ઝા 'કહેતા હોત તો પણ અમને તેનો કોઈ એતરાઝ ન હોત! તમે મોપેડ કે સ્કૂટર પર પ્રચાર કરતા હોત તો અમે માત્ર નાકનું ટીચકું ચડાવ્યું હોત. પરંતુ, સાઈકલ પર પ્રચાર? વોટ એ રબ્બીશ?વોટ એ સ્ટુપિડીટી. રોકેટ અને બુલેટ ટ્રેનના જમાનામાં સાઈકલથી પ્રચાર કરો એ સસલા અને કાચબાની લડાઈ જેવું લાગે. હવેના કાચબો જીતે તે વાતમાં માલ નથી!
કોરોઝોનજી ,તમારે ત્યાં પણ અંબાણી અદાણી જેવા બિઝનેસ ટાયફૂન હશે. તેના ડોલર કોને કામ આવશે? ઓફ કોર્સ તમને.તમારા ચૂંટણી પ્રચારમાં કામ આવશે. તમે પ્રમુખ થાવ એટલે એક ડઝન એરપોર્ટ, શસ્ત્રો ખરીદ કરવાના, વિમાન બનાવવાના કોન્ટ્રેક્ટ વાજબી કમિશન કમ ચૂંટણી ફંડ લઈને હોહો કર્યા વિના આપી દેજો. મિત્ર મિત્રને કામ ન લાગે તો શત્રુને કામે લાગશે? પ્રચાર માટે બેત્રણ પ્લેન માંગી લો.પેટ્રોલનો ખર્ચ એ જ ઉઠાવશે! તમે સાઈકલથી પ્રચાર કરો તેના કરતા પ્લેનથી પ્રચાર કરશો તો તમે વધારે વિસ્તાર કવર કરી શકશો. બાય રોડ પ્લેન પ્રવાસ કરતા હશો તો તમારા સ્વાગત માટે ઉમડેલી જનતાને પણ જોઈ શકશો એ નફામાં !

તમે એકલા એકલા પ્રચાર કરો એ કેવું લાગે? અંતિમ સંસ્કારમાં પણ દોણી ઉપાડનાર સહિત પાંચ વ્યક્તિની
પ્રચંડ જનમેદની જોઈએ.ચૂંટણી મોતના સામાનથી કમ નથી. પરંતું, મોત કા સામાન લઈને
એકલા એકલા ફરવાનું? તમે ,અમારા દેશમાંથી
કાંઈક શીખો. અમારે ત્યાં ચૂંટણી લડવા માટેનું ફોર્મ પાછું ખેંચવા જતો ઉમેદવાર પણ ટેકેદારની ફોજ, ગાડીઓનો કાફલો,બેન્ડબાજા બારાત લઈ ફટાકડા ફોડતો જાય છે.આમ, મરદની મૈયતમાં જવાય!અમારે ત્યાં ચૂંટણીની રેલી, રોડ શો , ચૂંટણીસભામાં રોકડ રૂપિયા અને ફૂડપેકેટ વહેંચીને કોઈ નાના દેશની વસ્તી કરતા વધારે ભીડ કરવામાં આવે છે

અમારે ત્યાં જાદુની માફક રોડ શો થાય. ઓપન કાર કે કારના સનરૂફમાંથી સાપ જેમ કરંડિયામાંથી ભોડું કાઢે તેમ ડોકું કાઢી ઉમેદવાર, ફોલ્ડરિયા ઉભા રહે. નહિંતર કારને દરવાજો એક હાથે પકડી ઉભા રહી બીજો હાથ લોકો તરફ હલાવતા પ્રચાર કરે. કેટલાક નેતા તો ટનલમાં લોકોની ભીડ શૂન્ય હોય તો પણ આદત સે મજબૂર બની હાથ હલાવી દીવાલોનું અભિવાદન કરતા હોય છે, બોલો કાંઈ કહેવું છે? સારા ઉપવનના ફૂલ રાજકારણી પર કુરબાન થાય. કાર પણ ફૂલોથી સજાવેલી હોય. ઉમેદવાર જનતા પર ફૂલની પાંખડી ફેંકતા હોય. આ દ્રશ્ય દેવોને તો દુર્લભ હોય છે, પણ દાનવોને પણ દુર્લભ હોય છે. આ રીતે પ્રચાર કરો તો માળી, બસવાળા, પેટ્રોલપપમાલિક, સિકયોરિટીવાળા, હોટલ, રેસ્ટોરેન્ટવાળા બે પૈસા કમાય!

અમારે તં રિયલ વોરના વોરરૂમ હોતા નથી.પરંતું, ઈલેકશન ટાઈમે બધા પક્ષો વોરરૂમ ખોલીને યુધ્ધના ધોરણે હારવા મથતા હોય છે. અમારે ત્યાં પીકેની બોલબોલા છે.પીકે એટલે શરીરના આગળના ભાગે રેડિયો ઢાંકીને ફરતો
પેલો ભેજાગેપ આમીરખાન નહીં .પણ ,ઈલેકશન સ્ટ્રેટિજીસ્ટ પ્રશાંત કિશોરની બોલબોલા હોય છે. અમારે અહીંયા પણ લોકસભાની ચૂંટણી ચકરાવા ચાલું છે.હાકલાપડકારા, ડારાડફારા, હિન્દુમુસ્લિમ, મીટ, માછલી, મંગળસૂત્ર ભારત પાકિસ્તાન જેવા મુદે વિષવમન કરી કે કોઠી ધોઈને જીતરૂપી માખણ કાઢવાના વાંઝિયા ધખારા ચાલું છે. જે જાણ માટે લખું છું. અમારી ચેનલોની પ્રાઈમ ટાઈમ ડિબેટો ન જોવા વિનંતી છે. નહીંતર મેન્ટલ હોસ્પિટલમાં દાખલ થવાની તૈયારી રાખજો!

કોરોઝોનજી તમે ખરેખર જીતવા માંગતા હોવ તો પીકે કે કાનૂગલાની ફર્મ હાયર કરો. સામ ,દામ, દંડ ભેદથીચૂંટણી ફંડ ઊભું કરો. ચિકકાર પૈસા વેડફો. ટેકેદારને ખવડાવો. ચિકકાર પિવડાવો . ફ્રી બીઝ એટલે રેવડી વહેંચો. બેલેટ પેપર નહીં તો ઈવીએમ મેનેજ કરો. આટલું કરો . તમારી જીત ચૂંટણી પંચ તો શું સાક્ષાત્ બ્રહ્મા , વિષ્ણુ કે મહાદેવ પણ રોકી શકશે નહીં!

તમારે ટેકેદારની જરૂર હોય તો હું અને રાજુ રદી તમારા મેન્ટર બનવા રેડી છીએ. તમારે રાઉન્ડ ટ્રીપની બિઝનેસ કલાસની ટિકિટ મોકલી આપવાની રહેશે. મેકસિકોમા અમને દરરોજનો ૫૦૦૦ ડોલરનો પોકેટમની ગણીને એડવાન્સમાં આપવાના રહેશે.તમે મિસ છો કે મિસિસ છો તે લખ્યું નથી. તમારી ઉંમર પણ લખી નથી. તમારી સાથે ચાર ફેરા ફરવા રાજુ રદી થનગને છે-જો તમે ફૂલ્લી ઈન્ટ્રેસ્ટેડ હોવ તો!

ઘણું ઝાઝું લખ્યું છે. થોડું કરીને વાંચશો . તા.૨.૬.૨૦૨૪ ના રોજ થનારા મતદાનમાં વિરોધીના સૂપડા સાફ થાય એ જ અભ્યર્થના સહ વિરમું છું.
જય મેકસિકો. જયહિન્દ.

આપના નફરતાધીન,
ગિરધરલાલ ગરબડિયા,
રાજુ રદી
આભાર - નિહારીકા રવિયા -બખડજંતર ચેનલ ફ્રોમ ગાંધીનગર , ઈન્ડિયા.
તા.ક. આ કાગળ ગેરવલ્લે ન જાય અને તમને હાથોહાથ મળે તે માટે ટપાલની ટિકિટ લગાવેલ નથી. તમે દંડ ભરીને કાગળ છોડાવી તમારું ભવિષ્ય સોનેરી કરજો. જો કે, હું ડબલ દંડ ભરીને કાગળ છોડાવવાનો નથી તેની નોંધ લેશોજી!

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO 209**
વિષય- લોકશાહીમાં લોક સમસ્યા
શિર્ષક- વાણી સ્વતંત્રતા
પ્રકાર - પદ્ય
શબ્દો-૧૨૫

લોકશાહીમાં હોય વાણી સ્વતંત્રતા,હોય પ્રજાને હક્ક નેતા ચૂંટવાનો
લોકોથી લોકો વડે ચાલે તે છે લોકશાહી
પ્રજા મૂકે વિશ્વાસ ચૂંટે નેતા.
પાંચ વરસનો હોય સમય અવધિ ચૂટણીનો
અવધિ થાય પૂરી,નવી ચૂંટણી કરે ફરી
નેતામાં મૂકી વિશ્વાસ,સોંપે પ્રજા દેશનું સૂકાન
થયા નેતા ફરી નજર ન રાખે ઓળખાણ કોઈ

કરતાં વાયદા મત લેવા,ન કામ એકે કરતાં પ્રજાનાં
પ્રજાનાં પૈસા કરીને ઘરભેગા,કરતાં તાગડધીન્ના.
ન કોઈ કરે નવા કામ,વાયદા પર વાયદા થાય
પ્રજા પિસાતી,ભોગવે હાડમારી,કોને કરે ફરિયાદ?
લોકશાહીમાં વકરતો સગાવાદનો રોગ,થાય કલ્યાણ સગા વહાલાનું.

સરકારી ગાડીમાં ફરે,રહે વાતાનુકૂલિત બંગલામાં,પ્રજાનાં પૈસે એશ કરે
લોકશાહીમાં સમસ્યાઓનો નથી પાર.
પ્રજા બિચારી જૂએ વાટ,નવા ચૂંટણીનાં પડઘમ વાગે ક્યારે?
'સ્વધા' કરે વિચાર, પ્રજા દરેક વખતે છેતરાય
દર વખતે નવો નાકે નવી દિવાળી કરે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.201**
વિષય : લોકશાહીની લોકસમસ્યા
શિર્ષક : મૂળભૂત સમસ્યાઓ
પ્રકાર: પદ્ય શબ્દ: ૨૩૫

ભારત અનેક વિવિધતા ધરાવતો દેશ છે. આ વિવિધતા વચ્ચે એકતા જાળવીને સુખ, શાંતિ અને વિકાસનાં પંથે સૌ એકજુટ થઈ લોકહિત અને દેશહિત માટે લોકો દ્વારા જ પસંદ કરાયેલ કેટલાંક વિશેષ વ્યક્તિઓને દેશનું પ્રતિનિધિત્વ સોંપી હળીમળી દેશ-પ્રદેશની વ્યવસ્થા સંભાળવી એટલે દેશની લોકશાહી. જેમાં પ્રત્યેક નાગરિકને સમાનતાનો મૂળભૂત હક આપવામાં આવે છે.

ભારત દેશ અન્ય દેશો કરતાં સૌથી વધુ વસ્તી ધરાવતો અને વર્ણપ્રથાને અનુસરનારો દેશ હોવાથી જાતિવાદ અને ભાષાવાદને કારણે લોકોમાં એકતાનો અભાવ જોવા મળે છે. વિવિધતા ધરાવતાં દેશમાં સામાજીક, આર્થિક અને ખેતીવિષયક પડકારો નિશ્ચિત રૂપે પ્રમુખ સમસ્યાઓમાં ગણાવી શકાય.

દેશ આઝાદ થયો ત્યારથી જ સામાજિક,શૈક્ષણિક અને આર્થિક અસમાનતા ભારતીય લોકતંત્ર માટે સૌથી મોટો પડકાર રહ્યો છે. હજી પણ લોકોનાં મનમાં જાતિવાદ અંગે ઘૃણા દબાયેલી છે. જે દેશમાં વ્યાપક પ્રમાણમાં જાતિવાદ, કોમવાદ હોય ત્યાં લોકશાહીનું સંવર્ધન કેટલાં અંશે સફળ થઈ શકે? પ્રાદેશિક રાજ્યો વચ્ચે ભાષાવાદ અને કોમવાદ રાષ્ટ્રીય એકતા માટે હંમેશા બાધક બનતાં હોય છે. સમગ્ર દેશમાં પ્રાદેશિક ભાષાઓનું ચલણ ક્યાંક ને ક્યાંક દેશની શૈક્ષણિક વ્યવસ્થા માટે પડકારરૂપ સાબિત થઈ રહ્યું છે. અલગ-અલગ રાજ્યોનાં પ્રાદેશિક ભાષાઓમાં પુસ્તકો અને ભણતરથી દેશમાં મોટાપાયે અસમંજસતા અને અસમાનતા રહી છે.

આ સિવાય દર વર્ષે ઉભાં થતાં ભૌગોલિક પરિબળો પણ પ્રાદેશિક લોકો માટે અલગ સમસ્યા ઊભી કરે છે જેનાં માટે મોટાં પાયે આર્થિક રોકાણ કરવું સરકાર માટે પડકારરૂપ સાબિત થાય છે. શહેરીકરણનો વધતો વ્યાપ અને ગ્રામીણ જીવનની મૂળભૂત સમસ્યાઓ હજી ત્યાં ને ત્યાં જ છે. ભારત ખેતીપ્રધાન દેશ હોવા છતાં ખેડૂતોનાં પ્રશ્નોનું નિરાકરણ થતું નથી. વધતી બેરોજગારી અને મોંઘવારી આજની પ્રમુખ સમસ્યાઓ છે. યુવાનો સામાજિક અને આર્થિક સમસ્યાઓથી કંટાળી વિદેશભણી દોડ લગાવી રહ્યાં છે.

??પૂર્વી સુનીલ પટેલ."ઈશાની"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSO No : 229**
વિષય: લોકશાહીની
લોક સમસ્યાઓ
શીર્ષક : પ્રજાના પ્રશ્નો અને
લોકશાહી
પ્રકાર : ગદ્ય શબ્દો : ૨૯૫
લેખકનું નામ : " પ્રપાશી"
પરેશ મ. પાઠક
-------------------------------

પ્રજાપ્રશ્નો અને લોકશાહી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દુનિયાના દરેક દેશોને પોતાના વિભિન્ન માળખા પ્રમાણે તેની પ્રજાએ પસંદ કરેલી રાજ્ય ચલાવવાની શાસન પદ્ધતિઓ હોય છે. જેમાં રાજાશાહી સરમુખત્યારશાહી સામ્યવાદ સમાજવાદ લોકશાહી જેવી રાજ્ય વહીવટની વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે. આપણા ભારતમાં લોકશાહી પ્રકારની રાજ કરવાની પદ્ધતિ અમલી છે. લોકશાહી એ રાજકારણનો વિષય હોય સામાન્ય રીતે અભણ, ગામઠી અને અબાલવૃદ્ધ પ્રજાજનો માટે થોડોઘણો અઘરો પડે છે.

હું, તમે અને આપણે એટલે લોકોનો સમૂહ અને આજના યુગમાં લોક સમસ્યાઓ અઢળક હોય છે . આપણા ભારતની લોકશાહી એ સદાય દુનિયામાં સૌથી મોટી વૈવિધ્યસભર અને બહુચર્ચિત રહેલી છે. ભારતમાં વિવિધ જાતના ધર્મો, પરંપરરાગત પોશાકો, પ્રાદેશિક ભાષાઓ, ખાનપાન અને રહેણીકરણીની ભાતિગળ સંસ્કૃતિઓનો અદભુત સંગમ થયેલો છે.

ભારતની મોટાભાગની વસ્તી ગામડાઓમાં વસ્તી હોવાથી ત્યાંની હાડમારીઓ જેવી કે પાણી, વીજળી શિક્ષણ, બાળમજૂરી, બાળ લગ્ન, વાહન વ્યવહાર, કુદરતી હોનારતની મુશ્કેલીઓ, આરોગ્ય જાળવણી, સાર્વત્રિક અપૂરતા શિક્ષણને કારણે માનસિક આર્થિક અને સામાજિક અપરિપક્વતા હોય છે. તેથી સ્વાવલંબનના પૂરતા અભાવથી જે તે પ્રદેશની રાજકીય પરિસ્થિતિ પણ ડામાડોળ હોય સમસ્યા જનક રહે છે.

લોકશાહીની અબ્રાહમ લિંકને આપેલી વ્યાખ્યા પ્રમાણે લોકશાહી એ લોકોની, લોકો વડે અને લોકો માટે ચલાવવામાં આવતી સરકાર છે. આપણા દેશના લોક પ્રશ્નો એ પ્રકારના દ્રષ્ટિકોણથી વિચારીએ તો એ સામાજિક આર્થિક રાજકીય પ્રાદેશિક સમસ્યાઓથી ચારે બાજુથી ઘેરાયેલા રહે છે. આપણી લોકશાહીની ચૂંટણી પદ્ધતિ પણ સાવ અનોખા પ્રકારની હોવાથી તેની મર્યાદાઓ સાચવતા પૂરતી સાવચેતી રાખવાની હોય છે. જેમાં પ્રજાજનોને શહેર, ગામ કે છેવાડાના જંગલમાં વસતા નાગરિકોને પણ મતદાનનું સૌભાગ્ય મળતું હોય છે.

અને તેના માટે સરકાર ભલે ખર્ચાળ પણ આગવી વ્યવસ્થાઓ કરે છે. માનવ જીવનના વિવિધ તબક્કાઓની જેમ ચૂંટણીમાં પણ સામાન્ય રીતે સૌ પ્રથમ ઉમેદવારી, પ્રચાર ચૂંટણીના બૂથ પર મતદાન તેની સચોટ ગણતરી અને આખરે બહુમતી ના આધારે જે તે પક્ષની સરકારની રચના કરી શાસન થાય તેવું લોકશાહીનું માળખું હોય છે.

ચૂંટણીને ઉમદા રાજકીય ઉત્સવ ગણીને દરેકે પૂરતું મહત્વ આપવું જોઈએ. તેથી તો મતદારોએ જાગ્રત રહીને મતદાતાઓએ આપેલાં ખોટાં વચનો, પ્રલોભનો, દબાણ,બળજબરી, નાણા તેમજ નશીલા પદાર્થોના લોભલાલચને વશ થયા વિના તટસ્થ વિચારસરણીથી અને વિશુદ્ધમનથી જ મતદાતા એ મતદાન કરવું જોઈએ. ચૂંટણીમાં ચૂંટાયેલી સરકારે પણ ચૂંટણીપૂર્વે પ્રજાને આપેલા વચનો ભૂલી જઈને સ્વાર્થી, સગાંવાદ, ધર્મવાદ, ભાષાવાદ ભ્રષ્ટાચારી આપખૂદી ગેરવહીવટ ચલાવે તો લોકશાહી નું ખૂન થઈ જાય. જેનાથી તો લોકશાહીની લોક સમસ્યાઓ બમણી નહીં દસ ગણી વધી જાય! આમ ન થાય તે માટે દરેકે તન, મન અને ધનથી કામે લાગવું જોઈએ અને આપણા દેશના સંસ્કૃતિ અને નાગરિક ધર્મનું રક્ષણ કરવું જોઈએ.

અસ્તુ....!!!

લેખકનું નામ : " પ્રપાશી " પરેશ મ.પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 231**
વિષય. લોકશાહી માં લોકસમસ્યા
પ્રકાર . ગદ્ય.
શબ્દ .૧૪૭
શીર્ષક..જનતા જનાર્દન

૧૯૪૭ થી આપડે આઝાદ થયા ત્યારથી આપડા ભારત દેશ મા લોકશાહી છે. આ લોકશાહી લાવવા ને મેળવવા બવ બધા શહિદો એ બલિદાન આપ્યું .જેનો આમ જનતા ને એહસાસ ને કદર છે પણ સત્તા પર આવેલી સરકાર પછી એ કોઈ પણ પક્ષની હોય એ સરકારે લોકશાહી ના નામ પર જનતા જનાર્દન ને મૂર્ખ જ બનાવી છે .જે કંઈ આધુનિક સગવડો છે કે ડિજીટલ ઉપકરણો છે એ ફક્ત શહેર ની જનતા માટેજ ઉપયોગી થાય છે હજુ પણ છેવાડા ના નાના નાના ગામો મા કોઈ જ સગવડ નથી .ડિજિટલ યુગ મા વધુ ફ્રોડ થાય છે .સરકારી કર્મચારી ને જે તે ચોક્કસ કામ માટે રાખ્યા હોય એના બદલે એમની પાસે કઈ અલગજ પ્રકાર ના કામો લેવામા આવે છે . જનતા ની સાથે કર્મચારી વર્ગ પણ
આભાર - નિહારીકા રવિયા પરેશાન છે. આશા રાખ્યા આવનારી પેઢી અને યુવા વર્ગ આ સમસ્યાઓ ની સમાધાન લાવે

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO-173**
વિષય -"લોકશાહીમાં લોક સમસ્યા"
પ્રકાર -ગદ્ય
શબ્દ -૧૭૪
નામ- ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'

લોકશાહી એટલે લોકોનું, લોકો માટે અને લોકો દ્વારા ચાલતું શાસન. આજનાં વર્તમાન સમયમાં ચાલતાં શાસનને શું લોકશાહી, કહી શકાય? ''તારું મારું સહિયારું, મારું મારું આગવું-''આ રીતે શાસન ચાલી રહ્યું છે! પોતાનાં સ્વાર્થને સફળ બનાવવાં માટે દેશનાં બંધારણનાં કાયદાને બદલી કાઢવામાં આવે છે. દેશભક્તિ ને નામે કરોડો રૂપિયાનો વેપાર કરવામાં આવે છે. ફરજિયાતપણે તેનું અમલીકરણ કરાવવામાં આવે છે. સાચી દેશભક્તિ આને કહેવાય? જાદુગર પોતાની જાદુઈ લાકડીથી નાચ નચાવે અને લોકો હોંશે-હોંશે નાચ કરે. જ્યાં તારીખો પર દેશભક્તિ જાગતી હોય ત્યાં કોઈ પણ નાચ નચાવી શકે! ફરજિયાતપણે કાયદાનાં બળે દેશપ્રેમ જગાડ્યો પરંતુ ત્યારપછીની જવાબદારી કોની?
આસપાસ નજર કરીએ તો ઘર પરથી તિરંગાને ઉતારવામાં આવ્યો નથી, ક્યાંક પડેલો, વળેલો તિરંગો દેખાય છે. લોકો હજી વાહનો ઉપર લગાવીને ફરી રહ્યા છે. શું આ છે તિરંગાની આન, શાન ને બાન? સામાન્ય કાગળ કાપડ જેવી હાલત છે. દેશનાં નામે, ધર્મનાં નામે, વિકાસનાં નામે જ્યાં ફરજિયાતપણે કાર્ય કરાવવામાં આવતાં હોય ત્યાં લોકશાહી કઈ રીતે જીવંત હોય? માટે જ સ્વિડન સ્થિત વી-ડેમ ઈન્સ્ટિટ્યૂટે ભારતની લોકશાહીને 'ચૂંટણીલક્ષી આપખુદશાહી'કહી છે. હવે તમે જ કહો કે આને લોકશાહી કહી શકાય કે તાનાશાહીપ?!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'લોકશાહીની લોક સમસ્યાઓ '
પ્રકાર :- પદ્ય (ગઝલ)
શીર્ષક :- ''બાવરો સૂરજ'' (શબ્દો :- ૨૧૨)

તમને જુલ્મનો તો અમને બલિદાનનો મહાવરો થઈ ગયો,
જોઈ લેજો કે લોકશાહીનો સૂરજ, હવે બાવરો થઈ ગયો.

તમારી અધ ખુલ્લી આંખોના દરવાજા, હવે બંધ ના કરો,
તમે વર્ષોથી સેવેલી સૌની આશાનો, હવે ચૂરો થઈ ગયો.

સત્તા માટે રાજકિય જુગાર રમતા, નેતાઓને કોઈ કહો,
બેરોજગારી ને ભિંસાતો ગરીબ, હવે બિચારો થઈ ગયો.

બિનસાંપ્રદાયિકના નામે વેચે છે, જાતપાતમાં સૌ લોકોને,
અમે રહેતા'તા હળીમળીને, મનનું વિભાજન થઈ ગયું.

આપણે કેટલા મત બગાડીશું, હવે આ ચૂંટણીઓ પાછળ ?
હવે ભોળી પ્રજાને પણ, મતદાનનો અણગમો થઈ ગયો.

લોકશાહીની સમસ્યાના, 'સ્વજન' વિચારીને શબ્દો ટાંકે છે,
ફોર ધી પીપલ, બાય ધી, પીપલ, ટુ ધી પીપલ, કેવું થઈ ગયું !

રચનાકાર :- કવિ શ્રી યોગેશભાઇ પંડયા 'સ્વજન' જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSSNO : 181**
વિષય : લોકશાહીની લોક સમસ્યા
શીર્ષક :લોકશાહીનું ગાડું
પ્રકાર : પદ્ય - શબ્દો :૧૩૬

લોકોનું ,લોકો માટે,લોકો વડે ચાલતું ગાડું
સાંસદ અને કાયદો બંને લોકશાહીનું પૈડું,
ચક ચક ચક ચાલશે શું આ લોકોનું ગાડું??

લોકોના પ્રતિનિધિની સભા ભરાશે,
લોકો માટે કામ કરશે એવા સેવાદાર ચૂંટાશે,
લોકો વડે ચૂંટાયા, હવે આ લોકો શું કામ કરશે??

કાયદાના અમલી, કાયદાની રખેવાળી શું કરશે?
કાયદાના ઘડનાર,કાયદો તોડનારને શું સજા આપશે?? કાયદામાં એવો શું નિર્ણય આવશે??

સાંસદ, સરકાર મળી જો કાયદાને ભ્રષ્ટ કરે
તો કેવીરીતે એ લોકોના દૂર કષ્ટ કરે??
ફરિયાદોના ઢગલેઢગલા અસ્તવ્યસ્ત મળે,
નિયમોના ઉલ્લંઘન કરી મદમસ્ત ફરે??

પોતાના સ્વાર્થ ખાતર કાયદાનો ભંગ કરે
લોકસમસ્યાને બેધ્યાન કરે,
સતા પર આવી એના અધિકારનો દુરુપયોગ કરે
એવા સેવાદાર માટે કોણ મતદાન કરે??

શું જાણો છો પાંચ સ્તંભ છે લોકશાહીના
કાયદો,ન્યાયતંત્ર,સાંસદ,
સમાચાર અને જનતા
એકમેક ના કાર્ય માં સહુ વિઘ્ન કરે તો
એમ કહે ??કૌસુમી, કેમ કરી આ લોકશાહીનું ગાડું ચાલે??
??લેખન : સુરમી બધેકા "કૌસુમી"??- મુંબઈ

# બે પુસ્તકનો પરિચય :

## ૧. ''કિડનીઓ અને તેની પથરીઓ ''

## ૨. ''પ્રોસ્ટેટ'' - ડો. પ્રદીપ કણસાગરા

કિડની એ શરીરનું બીજું હૃદય છે, પરંતુ મોટાભાગનાં લોકોને ખબર નથી કે કિડનીનું શરીરમાં શું મહત્વ છે અને જેણે પેટનાં દુખાવાની અસહ્ય પીડા સહન કરી હોય એને જ ખબર પડે કે પથરી શું છે ? કિડની અને પથરી વિષે ડોક્ટરે જાતે અનુભવેલી પીડામાંથી કોઈ પુસ્તક પ્રગટ થાય તો સામન્ય માણસને પણ સમજાય જાય કે કિડનીનું શરીરમાં શું મહત્વ છે અને કિડની શરીરમાં કઈ રીતે કામ કરે છે ?




ડો. પ્રદીપ કણસાગરા એક એવા તબીબ છે જે પોતે જ પથરીની પીડામાંથી પસાર થયા છે અને પોતાના પિતાજીને પણ કિડની ફેલ્યોર હોય ત્યારે સામન્ય લોકોના એ વખતે થતાં સવાલો પરથી ''કિડનીઑ અને તેની પથરીઓ'' નામનું સરળ ગુજરાતી ભાષામાં પુસ્તક લખ્યું છે એટલું જ નહી ''સર્વે સન્તુ નિરામયા.''ની ઉત્તમ ભાવના સાથે આ પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવી રહ્યું છે, પુસ્તકમાં આપેલી સચિત્ર માહિતી ખરેખર અમૂલ્ય છે.

પોતાના પ્રેરણા સ્ત્રોત એવા કર્મયોગી પિતા જીણાભાઈ કણસાગરાની સ્મૃતિમાં સમાજની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઑ માટે સ્વ. જીણાભાઈ કણસાગરા ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે, આ પુસ્તક ડો. પ્રદીપ કણસાગરાએ પોતાના જીવનસંગિની એવા શ્રીમતી કિરણબેનને અર્પણ કર્યું છે.લોકોનો એટલો બધો આવકાર મળ્યો છે કે વર્ષ ૨૦૨૪ માં આ પુસ્તકની પાંચમી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે, ડો. પ્રદીપ કણસાગરા એમ.એસ, કન્સલ્ટન્ટ યુરોલોજીસ્ટ છે અને હાલ યુએસએ છે. તેમણે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પણ યુરોલોજીસ્ટ તરીકે માનદ સેવા આપી છે. રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર કિડની રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ બી. ટી. સવાણી કિડની હોસ્પિટલના તેઓ સ્થાપક, મેનેજિંગ ટ્રસ્ટી અને પૂર્વ ચેરમેન છે. ડો. કણસાગરાના બહોળા અનુભવ અને સેવાકીય ભાવનાનો નિચોડ આ પુસ્તકમાં વાંચવા મળે છે,' વિશ્વ કિડની દિવસ -૨૦૨૪ ' નિમિત્તે જ આ પુસ્તક લોકાર્પણ કરવામાં આવ્યું છે, વિજ્ઞાનની પ્રગતિ અને આરામદાયક છતાં તનાવયુક્ત જીવનથી કિડનીની બિમારીઓ દિન-પ્રતિદિન ચિંતાજનક રીતે વધી રહી છે , આ બિમારીને શરૂઆતના તબક્કામાં અટકાવી પણ શકાય છે, જન – સમાજ કિડનીની બિમારીઓ વિષે જાગૃત થાય તે હેતુથી સરળ ભાષામાં આ પુસ્તક પ્રકાશિત કરાયું છે તેની અગાઉની ચાર આવૃત્તિને લોકોનો બહોળો પ્રતિસાદ મળતા આ પાંચમી આવૃત્તિ પ્રગટ થઈ છે. જેમાં કિડની અને પથરી વિષે પ્રાથમિક માહિતીથી માંડીને કિડનીના કાર્યો, કિડનીની બિમારીઓ, કિડનીની પથરીઓ, પથરી થવાના કારણો, તેના ચિન્હો, નિદાન, સારવાર, ઉપાયો એમ ૨૧ પ્રકરણમાં સચિત્ર માહિતી એવી રીતે આપવામાં આવી છે કે સામન્ય માણસ પણ સમજી શકે.

એક ડૉક્ટર તરીકે તેમણે લોકોને એ પણ સૂચન કર્યું છે કે આ પુસ્તકની માહિતીનો ઉપયોગ કરતાં પહેલા આપના ડોક્ટરની સલાહ લેવી. ડો. પ્રદીપ કણસાગરાએ આ જ રીતે પ્રોસ્ટેટ ગ્રંથિની બિમારીઓ વિષે સરળ ભાષામાં પુસ્તક પ્રકાશિત કર્યું છે,આ પુસ્તકનો હેતુ પણ લોકોને કેન્સરની ગાંઠ અને પ્રોસ્ટેટની સાદી ગાંઠ વચ્ચે સમજ આપવાનો છે, આ પુસ્તક તેમણે મેડિકલ શિક્ષણમાં અને જીવનમાં તેમજ પ્રેક્ટિસ દરમિયાન માર્ગદર્શન આપી મદદ કરનાર યુરોલોજિસ્ટ ડૉક્ટર મહાનુભવોને અર્પણ કરી પોતાના પ્રોફેસર ડો. પી. સી. પટેલ, ડો. અજીત ફડકે ,ડો. કનુભાઈ શાહ અને ડો. વલ્લભભાઈ પટેલ ચર્જર્મની વંદના કરી છે. પોતાની કારકિર્દીમાં સિંહ ફાળો આપનાર ડો. દસ્તૂરને પણ ખાસ યાદ કરી આ પુસ્તક અર્પણ કર્યું છે.

આ પુસ્તકમાં પ્રોસ્ટેટની બિમારીઓ, સાદી ગાંઠ, ચિન્હો, સારવાર, લક્ષણો, પ્રોસ્ટેટ કેન્સર, તેના પરિબળો, નિદાન દવાઓ ,રેડિયોથેરાપી વગેરે વિષે એકદમ સરળ ભાષામાં સમજણ આપી છે. આ બંને પુસ્તકો સામાન્ય લોકોને બિમારીઓની ગંભીરતા સમજાવવાની સાથે દીવાદાંડી રૂપ બની ચેતવણી આપે છે.

પુસ્તક મેળવવાનું સ્થળ : શ્રી જીણાભાઈ કણસાગરા ચેરિટેબલ ટ્રસ્ટ , કેપ્રેજ સેલ્સ કોર્પોરેશન,
કણસાગરા હોસ્પિટલ , સંપર્કઃ શ્રી મગનભાઇ કણસાગરા ૦

# અમદાવાદ ખાતે સમસ્ત મહાજનનો વાર્ષિક ઉત્સવ યોજાયો

સમસ્ત મહાજન વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, પ્રાણીઓની સુખાકારી માટે પ્રયત્નશીલ રહે છે.૧૯૯૬ ના દાયકાના અંતમાં, ચમત્કાર જેવી ઘટનાએ ગિરીશભાઈનાં જીવનનો માર્ગ બદલી નાખ્યો. તેમને જીવદયાનાં કર્યો કરવાની સલાહ મળી. સમસ્ત મહાજને ઓગસ્ટ, ૨૦૦૨માં કામ કરવાનું શરૂ કર્યું હતું. સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશભાઈ શાહે એક સૂત્ર સાથે આગળ વધવાનું શરૂ કર્યું. ×સેવા અને રક્ષણ કરો×. ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. વર્તમાન સમયમાં ડૉ. ગિરીશભાઈ શાહ જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ડૉ. ગિરીશભાઈ શાહના નોંધપાત્ર યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમને અને સમસ્ત મહાજનને જીવદયા રત્ન, પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ઇન્દિરા પ્રિયદર્શીની વૃક્ષમિત્ર એવાર્ડ, આચાર્ય ચાણક્ય – ૨૦૨૦ સહિત અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે. ગ્રામીણ વિકાસના ભાગ રુપે ૭૫ નવા તળાવો તૈયાર કરવામાં આવ્યા છે અને ૧ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે, સમસ્ત મહાજન દ્વારા દેશમાં અનેક પાંજરા પોળોને મદદ કરવામાં આવી છે.

સમસ્ત મહાજન મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતના અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં મુંબઈ ખાતે રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશીર્વાદથી 'અર્હમ અનુકંપા' પ્રોજેક્ટ હેઠળ સુપર સ્પેશીયાલીટી એનીમલ એમ્બ્યુલન્સની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત સેંકડો જીવોને સ્થળ પર જ સારવાર તેમજ અભયદાન પ્રાપ્ત થયું છે અને તેમની જિંદગીઓ પણ બચી છે. સમગ્ર ભારતમાં આ પ્રકારની એમ્બ્યુલન્સ સરકાર તેમજ સમાજ અને સંસ્થાઓનાં માધ્યમથી થાય તે માટે ડૉ. ગિરીશભાઈ શાહ સતત કાર્યશીલ છે. તે છેલ્લા કેટલાક વર્ષોથી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય તરીકે પણ પોતાની સેવા આપી રહ્યા છે. આજે સમસ્ત મહાજનની સેવાભાવી પ્રવૃતિઓ આ વિશ્વને સુંદર બનાવવામાં તેનું યોગદાન આપી રહી છે.

સમસ્ત મહાજન દ્વારા મુંબઈ બાદ હવે અમદાવાદ ખાતે વાર્ષિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહાનુભાવો, દાન દાતાઓ અને જીવદયા પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સમસ્ત મહાજનનાં ગતવર્ષનાં કાર્યોનું વિશ્લેષણ અને નવા વર્ષમાં કરવામાં આવનાર સેવાકીય કાર્યોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, લલિતભાઈ ધામી, રત્નમણિ મેટલ્સનાં પ્રકાશભાઈ સંઘવી , શ્રીપાલભાઈ, આણંદજી કલ્યાણજી પેઢીનાં ટ્રસ્ટી, પ્રકાશભાઈ સંઘવી, સંજયભાઈ કોઠારી, ગોપાલભાઈ સુતરીયા, હિમાંશુભાઈ શાહ, બાલુભાઈ શાસ્ત્રી, એડવોકેટ અભયભાઈ શાહ, પ્રવીણભાઈ આત્મારામ, કેતનભાઈ શાહ, મુકેશભાઈ સહિતનાઓએ વિશેષ ઉપસ્થિતિ આપી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ, દેવેન્દ્રભાઈ જૈન, અશોકભાઈ શાહ, પરેશભાઈ શાહ, નુતનબેન દેસાઈ, ગિરીશભાઇ સત્રા, મિત્તલ ખેતાણી સહિતનાઓની ટીમે જહેમત ઉઠાવી હતી.

### સરપચ અને ઊપસરપચ પોતાનો વિકાસ જ કરી રહયાં છે

# આહવા નાં સનસેંટ પોઈન્ટ પર આવેલ ગાર્ડન વેરાન બન્યો



## રોજ સાજ થી મોડી રાત સુધી લુખ્ખા અસામાજિકત્વો અડ્ડો જમાવી દારૂ – ગાંજાની મહેફીલ માણી રહયાં છે પોલીસ ખુલ્લોને પડકાર ફેંકી રહયાં છે

આહવા.

ડાંગ જિલ્લાનાં આહવામાં આવેલ એકમાત્ર હરવા-ફરવાનું સ્થળ સનસેટ પોઈન્ટ છે અહિં આહવા નગરનાં લોકો સવારે અને સાંજે નાના ભુલકાઓ સાથે કુદરતી સૌંદર્ય માણવાં તથા નાના ભુલકાઓ વિવિધ રમતો રમવા માટે આવે છે સાંજે સુર્યાસ્ત સમયે સુરજ સૌંદર્યને માણવા માટે આવે છે જેથી આહવા ગ્રામ પચાયતનાં સરપંચો દ્વારા અહિં સુંદર બગીચો બનાવવામાં આવ્યો હતો જેમાં વિવિધ ફળો તથા ફુલોનાં છોડ ઊછેર કરવામાં આવ્યાં હતાં તથા વન વિભાગ દ્વારા વન મહોત્સ કે અન્ય કોઈ સરકારી કાર્યક્રમ હોય તે સમયે મંત્રીઓનાં હસ્તે અહિં વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે જયારે આહવા ગ્રામ પચાયત દ્વારા નાના બાળકો માટે રમત-ગમ્મતનાં સાંધનો મુકવામાં આવ્યાં છે જેથી રોજબરોજ અહિં સેંકડો લોકો સહપરિવાર હરવા-ફરવા માટે આવતાં છે પ્રકૃતીપ્રમેઓ લીલીછમ જંગલ,વહેતી નદીઓ અને સુયાસ્તનાં ભરપુર આનંદ માણે છે પરંતુ હાલનાં સરપંચ હરિચંદ ભોયે અને ઊસરપંચ હરિરામ તથા તલાટી કમ મંત્રી રાજેશભાઈ ગાયકવાડ બગીચાનું સાંળ-સંભાળ નથી ફુલછોડ તથા વૃક્ષોને પાણી આપવામાં આવતું નથી જેથી લીલોછમ બગીચો વેરાન બન્યો છે ત્યાં બેસવાં માટે રાખવામાં આવેલ બાંકડાઓ તુટી ગયાં હીંચકા તથા લીસળ પટ્ટીઓ તુટી ગઈ છે હરવા-ફરવાં તથા આનંદ માણવાનો બગીચો જોખમી બન્યો છે આહવા ગ્રામ પચાયતનાં શાસકો સનસેંટ પોઈન્ટ નાં ગાર્ડન બાબતે યોગ્ય કામગીરી કરે તે લોકોનાં હીતમાં છે આહવાનાં સનસેંટ પોઈન્ટનાં બગીચાઓ માં સાંજે સાત વાગ્યાં થી મોડી રાત સુધી અહિં અસામાજિકતત્વો અડ્ડો બનાવી દે છે રાત્રે અહિં દારૂ તથા ગાંજાનું સેવન કરનારા લુખ્ખાઓ જોવા મળે છે જેથી પોલીસ અહિં જરૂરી કાર્યવાહી કરે તે જરૂરી છે .



૧૦૨ વર્ષના વયોવૃદ્ધ મહિલા મતદાન મથકે પહોંચી મતદાન કર્યું.... કવિ ઉમાશંકર જોષીની જન્મભૂમિ બામણા પુનાસણ ખાતે રહેણાંક ધરાવતા વયોવૃદ્ધ મહીલા ભૂરીબેન કચરાભાઈ પ્રજાપતિ એ પુનાસણ ગામની આદર્શ પ્રાથમિક શાળામાં વોકરના સહારે પહોંચી પોતાનો મત આપ્યો હતો.

## ઝાડ વાઓ અને અનેક જીવોના આશ્રય દાતા બનો :રાજેશ ભાતેલિયા

★નેશનલ યુથ પ્રોજેક્ટના પ્રમુખ રાજેશ જે ભાતેલિયા એ વૃક્ષો ઉગાડવા અથવા કોઈ વૃક્ષો ઉગાડતા હોય તેને મદદ કરી અને અનેક જીવોના આશ્રય દાતા બનવા અપીલ કરી છે .

તેમણે વધુમાં જણાવ્યું છે કે કોઈ પણ ઝાડ નીચે મૂકેલું પાણી સૌથી ઊંચા પાન સુધી પહોંચે છે!★

★એ જ રીતે પ્રેમાળ, નિઃસ્વાર્થ કાર્યો પ્રભુ સુધી અવશ્ય પહોંચે છે!★

★પર્યાવરણની શક્ય તેટલી સેવા કરો પણ અપેક્ષા ન રાખો, કોઈ પાસેથી નહિ!★

★કારણ કે સાચી સેવાનો બદલો એક માત્ર ફક્ત પ્રભુ જ આપી શકે છે★

?? ??

★ ઔષધીય અને ફળો આપતા વૃક્ષો વધુ માં વાવીએ અથવા તો કોઈ પણ વાવતું હોય તો શક્ય તેટલી મદદ કરીએ અને વૃક્ષોને કારણે આપણને સૌને નિરોગી અને લાંબુ જીવન પ્રાપ્ત થઈ શકે છે , ઠંડકનો અનુભવ કરી શકીએ છીએ અને વધુ વરસાદની અપેક્ષા રાખી શકીએ છીએ અને અનેક જીવોને જીવવાની સુવિધાઓ આપવા માટે નિમિત બનો★

????

સમગ્ર દેશમાં, સમગ્ર વિશ્વમાં, તમામ ગામમાં, તમામ શહેરમાં ,તમામ વાડીમાં, તમામ કારખાનામાં ,તમામ હોસ્પિટલમાં ,તમામ સોસાયટીમાં ,તમામ શૈક્ષણિક સંકુલ માં

વરસાદી પાણીનું ટીપે ટીપુ સંગ્રહ કરવામાં આવે અને વરસાદી પાણીના ટીપે ટીપા ને જમીનમાં ઉતારવામાં આવે

વિવિધ પ્રકારના કેમિકલોનો અને પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડીએ

કુદરતી તત્વોનો ઉપયોગ વધારીએ રાજેશ જે ભાતેલિયા

## આવતી કાલે થી અંબાજી મન્દિર મા માતાજી ના દર્શન અને આરતી ના સમયમા ફેરફાર



શક્તિપીઠ અંબાજી મંદિર કરોડો લોકોનો આસ્થા નું કેન્દ્ર છે ત્યારે દરરોજ હજારોની સંખ્યા મા માઈભક્તો માતાજી ના ચરણે શીશ નમાવવા અને માતાજી નો આશીર્વાદ મેળવવા અંબાજી આવતા હોય છે. માં જગતજનની અંબા ના દર્શન અને આરતીનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં માઈ ભક્તો માં ના મંદિરે પહોંચે છે. અંબાજી મંદિરમાં માતાજીના દર્શન અને આરતીના સમયમાં ઋતુ પ્રમાણે અને યાત્રાળુઓની સગવડતા ને ધ્યાને રાખી ફેરફાર કરાતો હોય છે .ત્યારે આવતીકાલે થી અંબાજી મંદિર માં માતાજીના દર્શન અને આરતીના સમયમાં ફેરફાર અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર અને નાયબ કલેક્ટર ની અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજી માતા મંદિર, અંબાજીમાં યાત્રાળુઓની સગવડતા ખાતર ૧૦/૦૫/૨૪ વૈશાખ સુદ તીજ થી ૦૬/૦૭/૨૪ આષાઢ સુદ એકમ સુધી આરતી તથા દર્શનનો સમય નીચે મુજબ રહેશે. જેની ભાવિક ભક્તોને નોંધ લેવા જણાવાયું છે.

આરતી સવારે- ૭:૦૦ થી ૭:૩૦

દર્શન સવારે- ૭:૩૦ થી ૧૦:૪૫

રાજભોગ આરતી- ૧૨:૩૦ થી ૦૧:૦૦

દર્શન બપોરે- ૦૧:૦૦ થી ૪:૩૦

આરતી સાંજે- ૭:૦૦ થી ૭:૩૦

દર્શન સાંજે- ૭:૩૦ થી ૯:૦૦

નોંધ :- તારીખ ૧૦/૫/૨૦૨૪ થી લઈને ૬/૭/૨૦૨૪ સુધી માતાજીનો અન્નકૂટ થઈ શકશે નહી

## વડોદરા જિલ્લા ના અત્યંત ઘામિક તીર્થે ક્ષેત્ર ગુજરાત નુ કાશી કહેવાતા દક્ષિણ પ્રયાગ ચાણોદ તીર્થે મા આજ રોજ ચૈત્રી અમાવસ્યા ના દિવસે ધાર્મિક જનતા પિતૃ તર્પણ, નારાયણબલી શ્રાદ્ધ વિધિ, અને નમંદા નદી મા સ્નાન કરી ને બુધવારી અમાસ મનાવ્યો.... તેજસ મહેતા



## હૈદરાબાદ ફીડે રેટિંગ નેશનલ ટુર્નામેન્ટ



બીજી મેથી પાંચમી મે ૨૦૨૪ દરમિયાન હૈદરાબાદમાં વિઝ્યુઅલી ચેલેન્જ માટે ૧૧મી રાષ્ટ્રીય ફીડે ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટનું આયોજન ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશ દ્વારા દેવનાર ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. ૧૬ રાજ્યોમાંથી ૨૪૩ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં ગુજરાતના ૨૫ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાંથી આઠ ખેલાડીઓ ઈનામો જીતવામાં સફળ રહ્યા હતા. અશ્વિન મકવાણાએ ૭મો રેન્ક મેળવ્યો હતો. જ્યારે ચિરંતન મેસરિયા અને પ્રજ્ઞેશ સોલંકીએ અનુક્રમે ૧૧મો અને ૧૩મો ક્રમ મેળવ્યો હતો. વાઘેલા રાહુલ અને રાજ હેનીશકુમારે પણ અનુક્રમે ૨૫મો અને ૨૬મો ક્રમ મેળવ્યો હતો અને શૈવ મેસારિયા અને અંશ મકવાણાને શ્રેષ્ઠ જુનિયર ખેલાડીઓ તારીખ એનું ઇનામ મળ્યો હતો. અશોક બારોટને પણ શ્રેષ્ઠ વૃદ્ધ ખેલાડી તરીકેનું ઇનામ મળ્યો. આ ટુર્નામેન્ટ તમિલનાડુના આર ગોપીએ જીતી હતી. ઓરિસ્સાના સુભેન્દુ પાત્રાએ અને તમિલનાડુના મેરીમુત્તુએ અનુક્રમે સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.

## ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટીએ એક દિવસીય નેશનલ વર્કશોપનું કર્યું સફળ આયોજન



ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટી દ્વારા તાજેતરમાં એક નેશનલ લેવલનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો જેનો વિષય હતો" રિસર્ચ ટુ રેવન્યુ : બિલ્ડિંગ બ્લોકસ ઓફ આઈ.પી. આર. "

ગણપત યુનિવર્સિટીના " સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી " પ્રકલ્પ તેમજ યુનિવર્સિટીના ઈન્ક્યૂબેશન સેન્ટરના સહયોગ સાથે યોજાઈ ગયેલા આ એક દિવસીય રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપમાં પ્રત્યક્ષ રીતે ૩૩ અને ઓનલાઈન ૭૫ વિદ્યાર્થીઓ અને અભ્યાસુ સંશોધકોએ ઉપસ્થિત રહી આયોજનને સફળ બનાવ્યું હતું.

" વર્લ્ડ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી-ડે"ની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા આ વર્કશોપમાં બે પ્રતિષ્ઠિત નિષ્ણાતોએ ભાગ લઈ વિદ્યાર્થીઓને અને અભ્યાસુઓને એમના જ્ઞાન માહિતીથી લાભાન્વીત કર્યા હતા.

" એક્સેલોન આઈ.પી, અમદાવાદ " ના પેટન્ટ એન્ડ ટ્રેડમાર્ક એટર્ની શ્રી સંજય કુમાર પટેલ અને " વેરાઈટ એસોસિયેટ, અમદાવાદ " નામની કંપનીના સ્થાપક તેમ જ આઈપીઆર એટર્ની શ્રી ધરતી શાહ આ વર્કશોપમાં મુખ્ય મહેમાન અને વિશેષ નિષ્ણાત તરીકે પધાર્યા હતા.

પહેલા સેશનમાં શ્રી સંજયકુમાર પટેલે "બેઝિકસ ઑફ આઈ. પી. આર. એન્ડ પેટન્ટ સર્ચીસ " વિષય વિશે ચર્ચા કરી હતી.

અમદાવાદની પ્રતિષ્ઠિત કંપની "વેરાઈટ એસોસિયેટ "ના ફાઉન્ડર અને આઈપીઆર એટર્ની સુ.શ્રી ધરતી શાહે " ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી એન્ડ સ્ટાર્ટ-અપ્સ : ફોસ્ટરિંગ ઈનોવેશન એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ " વિષય સંદર્ભે બીજા સેશનમાં વિગતે ચર્ચા કરી ઉપસ્થિતોને જ્ઞાત કર્યા હતા.

આ વન-ડે નેશનલ લેવલ વર્કશોપના ઉદ્ઘાટનમાં યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફાર્મસી અને સાયન્સના એક્ઝિક્યુટિન ડીન પ્રો. ડો. શ્રી પ્રફુલ ભારડિયાએ મહેમાનોનું સ્વાગત કરી તેમનો પરિચય આપ્યો હતો તો આ વર્કશોપના કન્વીનર અને યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર તેમજ 'એસએસઆઈપી'ના ડાયરેક્ટર ડો. શ્રી સૌરભ દવેએ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. વર્કશોપના કો-કન્વીનર અને ફેકલ્ટી ઓફ ફાર્મસીના એસોસિએટ એક્ઝિક્યુટિવ ડીન પ્રો. ડૉ. શ્રી પી. યુ.પટેલ તેમજ ઇન્સ્ટિટયૂટ ઓફ ફાર્મસીના પ્રિન્સિપાલ ડોક્ટર સંજીવ આચાર્યએ સમગ્ર આયોજનને સફળ બનાવવા પોતાનું ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, તો વર્કશોપના કો-ઓર્ડીનેટર્સ ડો. એ. એસ. પટેલ તેમજ શ્રીમતી હેલી અમીને આયોજનને સાર્થક બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

સુશ્રી જાનવી દોશીએ સુંદર એન્કરિંગ દ્વારા વર્કશોપના ઉદ્ઘાટન સમારંભને અને અન્ય વિવિધ સેશન્સને વિશેષ શોભા બક્ષી હતી

## પાલતું શ્વાનો એન્જલ,હની અને ભીમની સ્મૃતિને શ્રદ્ધાંજલિ આપવા તેમની જન્મતિથી અને પુણ્યતિથિએ એનિમલ હેલ્પલાઈનનાં અન્નક્ષેત્રમાં અનુદાન

ઓજસભાઈ સંઘાણી તથા નીતુબેન સંઘાણીનાં પેટ ડોગ એન્જલ અને તેના બે સંતાનો હની અને ભીમ છેલ્લા ૧૫ વર્ષથી તેમની સાથે રહેતા હતા. થોડા સમય પહેલા જ ત્રણેય શ્વાનોનું અવસાન થયું હતું.

ઓજસભાઈ સંઘાણી તથા નીતુબેન સંઘાણી દ્વારા દર વર્ષે તેમનાં જન્મતિથી અને પુણ્યતિથીએ કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈનનાં અન્નક્ષેત્રમાં શ્વાનો માટેનાં અન્નક્ષેત્રનો ખર્ચ અને પક્ષીઓ માટેની ચણની વ્યવસ્થાનો ખર્ચ આપવામાં આવે છે. પોતાના પ્રિય પાલતું શ્વાનો એન્જલ,હની અને ભીમની સ્મૃતિને શ્રદ્ધાંજલિ આપવા માટે, ઓજસભાઈ અને નીતુબેન દર વર્ષે તેમની જન્મતિથી અને પુણ્યતિથીએ આ એક અનોખી પહેલ કરે છે. આ દ્વારા તેઓ અન્ય જીવો પ્રત્યે દયા અને કરુણાનો સંદેશો ફેલાવવાનો પ્રયાસ કરે છે. પ્રેમ અને કરુણા ક્યારેય મૃત્યુ પામતા નથી. ઓજસભાઈ અને નીતુબેનનું આ કાર્ય તેમના પશુ પ્રત્યેનાં અપાર પ્રેમ અને સહાનુભૂતિનું પ્રતિબિંબ છે. તેમના જીવનની આ વાત સૌ ને પ્રેરણા આપે છે કે દરેકે અબોલ જીવો પ્રત્યે દયા અને સંવેદના દાખવવી જોઈએ.

અત્રે ઉલેખ્ખનીય છે કે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી 'પરમ જીવદયા રથ' દ્વારા દ્વારા ૨ વિશેષ વાહનોમાં અબોલ જીવો માટે રોજીંદુ અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. અન્નક્ષેત્ર નિરાધાર અને રસ્તે રઝળતા પશુઓ જેમને ખાવા-પીવાનો પણ અભાવ છે, તેમના માટે ચલાવવામાં આવે છે. સંસ્થા દ્વારા સૌરાષ્ટ્રનું પશુ-પક્ષીઓનું હરતું-ફરતું અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું હતું. આ અન્નક્ષેત્ર શરૂ કર્યા બાદ સંસ્થા આ પ્રકારના બીજા અનેકો અન્નક્ષેત્રો ચાલુ કરવા માટે અન્ય સંસ્થાઓને પ્રેરણા આપવામાં સફળ બની છે. અન્નક્ષેત્રમાં શહેરમાં વિવિધ સ્થળોએ, પક્ષીઓને ઋતુ અનુસાર ૫ થી ૧૫ ગુણી ચણ પક્ષીઓને દરરોજ આપવામાં આવે છે. ૨૫ જેટલા વિસ્તારોમાં રોજ ૨૫૦ લીટર દુધ અને ૫૦ કિલો લોટની રોટલીનું ભોજન, ૭૦૦ થી વધુ શ્વાનોને પીરસવામાં આવે છે. નાના જીવને પણ ખોરાક મળી રહે તે માટે દરરોજ કિડીઓને ૧૫ કિ.ગ્રા. કીડીયારૂ પુરવામાં આવે છે. લોટની ૪૦ કિ.ગ્રા. ગોળી બનાવી દરરોજ માછલીને આપવામાં આવે છે. દરરોજ ૩૦ કિલો મકાઈનાં ડોડા ખિસકોલીઓને ખવડાવવામાં આવે છે. અન્નક્ષેત્રનો દૈનિક ખર્ચ ૧૫,૦૦૦ રૂપિયા છે.



# ગાંધીનગર જિલ્લાનું ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહનું ૯૪.૧૦% પરિણામ



ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહનું રાજયનું ૯૧.૯૩ % પરિણામ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લાનું ૯૪.૧૦ ટકા પરિણામ જાહેર કરાયું છે. જિલ્લામાં ૧૧ હજાર ૧૯૯ વિદ્યાર્થીઓ પૈકી ૧૧ હજાર ૧૬૨ વિદ્યાર્થીઓએ ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાં છ - ૧ ગ્રેડ માત્ર ૨૭ વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. ગત વર્ષ ૨૦૨૩નું ૭૪.૬૦ ટકા પરિણામ જાહેર કરાયું હતું. આમ ગત વર્ષ ૨૦૨૩ની સરખામણીએ આ વર્ષે ગાંધીનગર જિલ્લાનું ૧૯.૫ ટકા પરિણામ વધુ આવ્યું છે.ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે સત્તાવાર રીતે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. રાજયમાં ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩ ટકા જાહેર થયું છે. રાજયમાં સામાન્ય પ્રવાહમાં ૩,૭૯,૭૫૯ વિદ્યાર્થીઓ નોધાયા હતા. જેમાંથી પૈકી ૩,૭૮,૨૬૮ ઉપસ્થિત રહ્યા હતા. તેમાથી ૩,૪૭,૭૩૮ પાસ થયેલા છે. આમ સામાન્ય પ્રવાહનું ઓવરઓલ પરિણામ ૯૧.૯૩% ટકા આવેલ છે. જ્યારે ગાંધીનગર જિલ્લાનું ૯૪.૧૦ ટકા પરિણામ આવ્યું છે.ગાંધીનગર જિલ્લામાં ૧૧ હજાર ૧૯૯ વિદ્યાર્થીઓમાંથી ૧૧ હજાર ૧૬૨ વિદ્યાર્થીઓએ ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાં છ - ૧ ગ્રેડ ૧૦૪ વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ૧૪ હજાર ૬૪૧ વિદ્યાર્થીઓમાંથી ૧૪ હજાર ૫૮૧ વિદ્યાર્થીઓએ ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જે પૈકી છ ૧ ગ્રેડ માત્ર ૨૭ વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. માર્ચ - ૨૦૨૩ નું જિલ્લાનું ૭૪.૬૦ ટકા પરિણામ આવ્યું હતું. જયારે વર્ષ - ૨૦૨૨ માં ગાંધીનગર જિલ્લાનું ૮૭.૮૪ ટકા રિઝલ્ટ રહ્યું હતું. આમ વર્ષ - ૨૦૨૨ તેમજ વર્ષ - ૨૦૨૩ કરતા આ વર્ષે પરિણામ વધ્યું છે.ગાંધીનગર જિલ્લાના પરિણામ પર નજર કરીએ તો છ ૧ ગ્રેડ ૧૦૪ વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.